# શહેરમાં નવરાત મહોત્સવનો ધમાકેદાર પ્રારંભ

**ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવના પ્રારંભે અંબાજી નિજમંદિરથી પ્રજવલિત કરાયેલી દિવ્ય જયોતની આજે શોભાયાત્રા નિકળી ગરબાની રમઝટ જામી**





ગાંધીનગર તા ૧૦

નવલા નવરાતના પ્રારંભે આજે નગરમાં શકિતની ભક્તિ વચ્ચે કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. નવરાતના પ્રથમ દિવસે સેકટરોની શેરીઓમાં માતાજીની આરતી બાદ ગરબાની રમઝટ જામી હતી. માતાજીની ભકિત વંદના સાથે ખૈલેયાઓ અવનવા રંગબેરંગી ટ્રેડીશ્નલ વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબે ઘુમતા જોવા મળ્યા હતા. કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં પણ અંબાજી નિજમંદિરથી પ્રજવલિત દિવ્ય જયોત ગરબા મેદાનમાં સ્થાપિત કરવામાં આવી હતી. પ્રથમ નોરતાથી જ ખૈલૈયાઓએ ગરબાની રમઝટ જમાવી હતી. પ્રથમ નોરતે માતાજીની ભકિત અર્ચના તેમજ ઘટ સ્થાપનને અનુલક્ષી નગરમાં પુજાપાના સામાનની ખરીદી માટે ભીડ જોવા મળી હતી. સેકટરોમાં રંગબેરંગી રોશનની જાકમજોળ વચ્ચે નવદુર્ગાના ભક્તિ પર્વનો આરંભ થતા ભાવિકો ગરબે ઘુમ્યા હતા.

નવલા નોરતાની આખુ વર્ષ વાટ નિહાળતા ભાવિકો પ્રથમ નોરતાથી જ માં દુર્ગાની આરાધનામાં તલ્લીન બન્યા હતા. નોરતાના પ્રારંભથી જ સેકટરોમાં ગરબાની રંગત જામી હતી. પ્રથમ નોરતે ભાવિકોએ ભાવપુર્વક ઘટ સ્થાપન અને આરતી કરી હતી. રાત્રિના સમયે આરતી બાદ સેકટરોમાં ગરબાની રમઝટ જામી હતી. રાત્રિના ૮ કલાકે આરતી બાદ ભાવિકો ગરબામાં જોડાયા હતા.શહેરમાં શેરી ગરબાની રમઝટ ઉપરાંત સંસ્થાકીય ગરબા મહાત્સવમાં પણ નવરાતના પ્રથમ દિવસથી જ ગરબા જામ્યા હતા. સે-૮ માં સમર્પણ મેદાન ખાતે કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં પણ અંબાજી નિજ મંદિરથી પ્રજવલિત જયોતને સે-૮ માંથી નિકળેલી શોભાયાત્રના અંતે માતાજીના ચાંચર ચોકમાં

● અનુસંધાન પાન-૭ પર

## કલ્ચરલ ફોરમમાં માતાજીની દિવ્ય જયોતની પધરામણી : ભાવિકો ગરબે ઘુમ્યા

**અંબાજી નિજમંદિરથી પ્રજવલિત જયોતની શોભાયાત્રાનુ સેકટરવાસીઓ અને વેપારીઓએ ભવ્ય સ્વાગત કર્યુ**



ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવના પ્રારંભે અંબાજી નિજમંદિરથી પ્રજવલિત કરાયેલી દિવ્ય જયોતની આજે શોભાયાત્રા નિકળી હતી. સાંજે ૫ કલાકે સે-૮ સ્થિત ત્રયંબકેશ્વર મહાદેવ મંદિરેથી દિવ્ય જયોતની શોભાયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ.શોભાયાત્રામાં કલ્ચરલ ફોરમના સભ્યો ઉપરાંત જય અંબે પરિવારના ભાવિકો ઉપરાંત ૫૦૦ જેટલા ખૈલેયાઓ ડી જે ના સુર વચ્ચે ગરબે ઘુમ્યા હતા. જયારે નગરના અગ્રણીઓ તેમજ ભાવિકો સહીત વેપારીઓએ ઠેર ઠેર માતાજીની દિવ્ય જયોતનુ સ્વાગત કર્યુ હતુ.ત્યારબાદ માતાજીની જયોત ગરબા મેદાનમાં સ્થાપિત કરવામાં આવી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયાજિત ગરબા મહોત્સવની ઉજવણી આ વર્ષે ગબ્બરના થીમ પર કરવામાં આવી રહી છે. ગરબા મેદાનમાં ભવ્ય ગબ્બર તેમજ અરવલ્લીની ગિરીમાળાનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે પવિત્ર યાત્રાધામ અંબાજી નિજમંદિરથી પધારેલી દિવ્ય જયોતને અનુલક્ષીને પણ આજે શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સે-૮ ત્રંબકેશ્વર મહાદેવ મંદિરેથી સાંજે ૫ કલાકે દિવ્ય જયોતની શોભાયાત્રા નિકળી હતી. આ તબક્કે કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, પુર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય અશોક પટેલ, ત્રંબકેશ્વર મંદિરના ટ્રસ્ટી રાવજીભાઈ પટેલ તેમજ જય અંબે પરિવાર અને કલ્ચરલ ફોરમના સભ્યોએ દિવ્ય જયોતનુ સ્વાગત કર્યુ હતુ. આ દરમિયાન નિકળેલી શોભાયાત્રા દરમિયાન ૫૦૦ થી વધુ ખૈલેયાઓ ગરબે ઘુમ્યા હતા. ડિ જે ના સુર વચ્ચે ગરબાની રમઝટ સાથે આગળ વધતી શોભાયાત્રાનુ સેકટરના શોપિંગ સેન્ટર પાસે વિનયભાઈ સહીતના વેપારીઓ તેમજ વસાહત મંડળના આગેવાનોએ સ્વાગત કર્યુ હતુ. જયારે શોભાયાત્રાના અંતે માતાજીની દિવ્ય જયોત સે-૮ સ્થિત ગરબા મેદાનમાં પહોચી હતી.જયાં સ્થાપન અને પુજન વિધી કરવામાં આવી હતી. કલ્ચર ફોરમના ગરબા મેદાનમાં સ્થિત ગબ્બર ચોકમાં ખૈલેયાઓ તેમજ ગરબા પ્રેમીઓ આ જયોતના દર્શન કરીને ગરબે ઘુમ્યા હતા. પ્રથમ નોરતાથી જ ગરબાની રંગત જામી હતી.

## સેકટર-૨માંથી સ્વાઈન ફલુનો વધુ એક કેસ મળ્યો

**શહેરમાં દર્દીઓની સંખ્યા ૭ પર પહોંચી**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફલુ પોઝીટીવનો એક દર્દી મળ્યો છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૭ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સેકટર-૨માંથી એક ૭૪ વર્ષીય વૃધ્ધને આજે સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ વૃધ્ધને સારવાર માટે અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જયાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સેકટર-૨માંથી બીજો કેસ મળી આવ્યો છે.

તંત્ર દ્વારા મળી આવેલા આ કેસોને પગલે દર્દીના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે પરંતુ અન્ય કોઈ શંકાસ્પદ કેસ મળેલ નથી.

શહેરમાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો શહેરી આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જો કે સ્વાઈન ફલુ સામે જન જાગૃતિ અભિયાન આગામી દિવસોમાં સઘન બનાવાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## મેગા એકઝિબીશનને અનુલક્ષી પ્રદર્શન સેન્ટરની સફાઈ અને જાળવણીનુ કામ શરૂ

**મેગા વાઇબ્રન્ટ એકઝિબીશનના આયોજનને અનુલક્ષી એજન્સી સરકારને રોયલ્ટી ચુકવશે : બાયર્સ સેલર્સ મીટ માટે પુર્વ તૈયારીઓ શરૂ**

ગાંધીનગર તા ૧૦

શહેરના સે-૧૭ માં સ્થિત એકઝિબીશન સેન્ટરની સફાઈ તેમજ જાળવણીનુ કામ હાથ ધરાયુ છે. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી પુર્વ તૈયૌરીઓ શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટમાં યોજાનારી બાયર્સ સેલર્સ મીટને ધ્યાને લઈ ઈન્ડેક્સ બી કક્ષાએથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી એજન્સીને કામ સોંપી દેવાયુ છે. જયારે આ એજન્સીને પૈસા ચુકવવામાં નહીં આવે પરંતુ એજન્સી સરકારને રોયલ્ટી ચુકવે તે મુજબનુ આયોજન કરાયુ છે.

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો ઉપરાંત વિવિધ દેશોના ડેલીગેટસ ઉપસ્થિત રહેતા હોવાથી સમગ્ર તંત્ર વાઈબ્રન્ટની તૈયારીમાં લાગી જાય છે. નગરમાં રોડ નેટવર્કની સુધારણા ઉપરાંત બ્યુટીફીકેશન તેમજ વાઈબ્રન્ટ સમિટના સ્થળે પણ જરૂરી પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મહાત્મા મંદિર ખાતે યોજાતી સમિટને અનુલક્ષી સફાઈ તેમજ જાળવણીના કામો શરૂ કરી દેવાયા છે.

જયારે સે-૧૭ માં યોજાતા વાઈબ્રન્ટ એકઝિબીશન સેન્ટરને ધ્યાને લઈને પણ સફાઈ તેમજ જાળવણીનુ કામ આરંભી દેવાયુ છે . હાલ આ એકઝિબીશન સેન્ટરમાં સફાઈનુ કામ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત જરૂરી કામગીરી માટે પણ સર્વેના અંતે જાળવણી હાથ ધરાઈ છે. વાઈબ્રન્ટ એકઝીબીશનને અનુલક્ષીને ઈન્ડેકસ બી દ્વારા જવાબદાર એજન્સીને વર્ક ઓડર આપી દેવાયો છે. બાયર્સ અને સેલર્સ મીટના આયોજન માટે કે એન્ડ ડી નામની એજન્સીને કામ સોંપી દેવામાં આવ્યુ છે.

જયારે આ એજન્સી નહીં નફો નહીં નુકશાનના ધોરણે કામ કરશે. એટલુ જ નહીં આ કામગીરી માટે એજન્સીને સરકાર પૈસા નહીં ચુકવે પરંતુ એકઝીબીશનના અંતે નફો નુકશાન કાઢીને સરકારને રોયલ્ટી ચુકવવામાં આવશે. વાઈબ્રન્ટ એકઝિબીશનના આયોજન માટે ટુરીઝમના પ્રિન્સિપાલ સેક્રેટરી સંચાલનની જવાબદારી સંભાળી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટને હજુ બે ત્રણ મહીના જેટલો સમય બાકી છે ત્યારે તંત્રના વિવિધ વિભાગો દ્વારા પુર્વ તૈયારી આરંભી દેવામાં આવી છે.

## તલાટી કમ મંત્રી અને કલાર્કની ૬૮ જગ્યા માટે ૧ લાખ ઉમેદવારો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રી અને જુનિયર કલાર્કની ખાલી પડેલી ૬૮ જગ્યા માટે એક લાખથી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

પંચાયતોમાં ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી માટે બનાવાયેલ દસ વર્ષીય કેલેન્ડર અંતર્ગત તાજેતરમાં આ બે કેડરની ૬૮ બેઠકોની ભરતી માટેની જાહેરાતો પ્રસિધ્ધ કરાઈ હતી.

અંતિમ તારીખ અરજીઓ સ્વીકારવાની પૂરી થઈ છે અને જિલ્લામાં આ બેઠકો માટે એક લાખ એક હજારથી વધુ ઉમેદવારોએ અરજીઓ કરી છે.

મળતી આધારભુત વિગતો પ્રમાણે જુનિ. કલાર્ક સંવર્ગની ૩૫ જગ્યા માટે ૫૪,૯૦૦થી વધુ અરજી આવી છે જયારે તલાટી કમ મંત્રીની ૩૩ જગ્યા માટે ૪૬,૬૩૫થી વધુ અરજીઓ તંત્રને મળી છે.

તાજેતરમાં ગાંધીનગર મનપામાં પણ કલાર્ક સંવર્ગની જગ્યા માટે બે લાખ જેટલા અરજદારોએ ઉમેદવારી નોંધાવી હતી. આ અંગેની સ્પર્ધાત્મક પરીક્ષા તાજેતરમાં જ સંપન્ન થઈ છે.

પંચાયતમાં પણ એક લાખથી વધુ અરજદારોએ ઉમેદવારી નોંધાવી હોવાથી હવે તંત્ર દ્વારા આ અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે. બિનસત્તાવાર વિગતો પ્રમાણે ૮૦૦થી વધુ વિકલાંગ અને ૧૫૦થી વધુ એકસ સર્વિસ મેનોએ પણ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઝુકાવવા માટે અરજીઓ કરી છે.

આગામી ડિસેમ્બરમાં આ અંગે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરાશે તેમ બિનસત્તાવાર સુત્રોનું કહેવું છે.

## ગાંધીનગર ગરમ મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી : નગરજનોને અકળામણ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ભાદરવાના અંતે પણ ગરમીનો મિજાજ હળવો થયો નથી. આજે પણ દિવસ દરમિયાન નાગરિકોએ અંગ દઝાડતી ગરમી અને બફારો અનુભવ્યો હતો. જો કે મોડી રાત્રે અને વહેલી સવારે ગુલાબી ઠંડક પ્રસરે છે. જયારે આજે મહત્તમ તાપમાન પણ વધ્યુ હતુ. મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી નોંધાયુ હતુ.

શહેરમાં વરસાદી મોસમમાં નિખાર ન આવતા નગરજનોમાં નારાજગી વ્યાપી હતી. જયારે વરસાદની વિદાય વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. ભાદરવો ભરપુર તપ્યો હતો. જો કે આસોના પ્રારંભે પણ હજુ ગરમીનો મિજાજ હળવો થયો નથી. પરંતુ આજે મહત્તમ તાપમાન વધ્યુ હતુ. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૬.૮ ડિગ્રી નોંધાયુ હતુ. જેના લીધે સવારથી જ તાપ આકરો લાગતો હતો. બપોરના સમયે નાગરિકોએ અંગ દઝાડતી ગરમીનો અનુભવ કર્યો હતો. જયારે દિવસ દરમિયાન બફારો પણ અનુભવ્યો હતો. નવરાતના પ્રારંભે પણ ગરમીનુ જોર હળવુ ન થતા નગરજનો અકળામણ અનુભવી રહ્યા છે. જયારે મોડી રાત્રિના સમયે ઠંડક પ્રસરતા નગરજનો બેવડી ૠતુનો અનુભવ કરી રહ્યા છે.

## મનપાની ભેદભાવભરી દબાણ નીતિ સામે પૂર્વ કાઉન્સીલરનો રોષ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં દબાણ અંગે ભેદભાવભરી નીતિ સામે પૂર્વ કાઉન્સીલર અશ્વિન વ્યાસે રોષ વ્યકત કરી મ્યુનિ. કમિશનરને એક પત્ર પાઠવી સે. ૧૧માં વિજય કોમ્પલેક્ષ તથા અભિષેક સંકુલના સીલ ખોલવા અંગે રજુઆત કરી છે.

મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં વ્યાસે જણાવ્યુ છે કે ૨૮ વર્ષ જુના આ બે વાણિજ્ય સંકુલોની આસપાસ પાર્કિંગની પુરતી વ્યવસ્થા ઉપલબ્ધ છે. તેમાં સ્ટોરની જગ્યાઓ પણ મનઘટીત અર્થઘટન કરી સીલ કરવામાં આવી છે. બે મહિનાથી સતત રજુઆતો પછી પણ ઉકેલ આવ્યો નથી તેમજ શહેરના બીજા વાણિજ્ય સંકુલોમાં કયાંય સિલીંગની કાર્યવાહી કરવામાં આવી નથી જે દુઃખદ છે.

તેમણે દિપાવલીનું પર્વ નજીકમાં આવી રહ્યુ છે ત્યારે વાણિજ્યના હિતમાં પણ આ સિલીંગ ખોલવાની કાર્યવાહી આપની કક્ષાએથી થાય તે જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું-પઘડી



અમારા પિતાશ્રી લીલારામ કેવલરામ મુલાણી તા. ૯/૧૦/૨૦૧૮ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું-પઘડી તા. ૧૧/૧૦/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્લોક નં. ૧૮/૭૪, શ્રીનગર સોસાયટી, સેક્ટર-૨૪, ગાંધીનગર મો. ૮૧૨૮૧૮૭૭૩૫, ૯૭૨૪૬૩૨૭૭૭

લિ.
મનોજ લીલારામ મુલાણી (પુત્ર)
સાંઈનાથ લસ્સી
કુમાર લીલારામ મુલાણી (પુત્ર)
ભોલેનાથ ભોજનાલય : આલમપુર
દિપકકુમાર લીલારામ મુલાણી (પુત્ર)
એસ.બી.આઈ. (પી.ઓ)
તથા સમસ્ત મુલાણી પરિવાર


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

LEARN
PHOTOGRAPHY
CINEMATOGRAPHY
1 MONTH BASIC, 3 MONTH ADVANCE COURCE
ACTING
THEORY + PRATICAL
WELL EQUIPPED STUDIO
AUDIO-VISUAL FACILITIES
Arpan Films
B-332-333, Pramukh Arcade, Kudasan, Gandhinagar
Mo. +91 7878101541| arpanfilms87@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com